
॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

બહુજન હિતાય-બહુજન સુખાય



'યોગ'ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ'બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.




क्लेश, कर्म, कर्मों के फल और वासनाओं से विमुक्त अैसा विशेष चेतन (वेही अेक मात्र) अीश्वर हैं। अीश्वर संपूर्ण सर्वज्ञ हैं। अीश्वर त्रिकालिन गुरुओं के भी गुरु हैं; काल से अुन का छेदन-भेदन नहीं हो सकता। अीश्वर का नाम प्रणव (ओम् = ॐ) है। ओम् का सार्थक जप करने से आत्मसाक्षात्कार होता है और अन्तरायों का अभाव हो जाता है।

# ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજન હિતાય-બહુજન સુખાય)

અંક : ૩ | વર્ષ : ૪ | માનદ્ તંત્રી : નૈષધ વ્યાસ

## તંત્રીસ્થાનેથી

અસંપ્રજ્ઞાત યોગને પ્રાપ્ત કરવા માટે, જીવનમાં આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક એમ દરેકે દરેક ક્ષેત્રમાં સમતા પ્રાપ્ત કરવા માટે પતંજલિ મુનિએ યોગદર્શનમાં ત્રણ ઉપાયો બતાવ્યા: ભવપ્રત્યય, ઉપાય પ્રત્યય અને ઈશ્વરશરણાગતિ; ઈશ્વરને શરણે જવાથી અસંપ્રજ્ઞાત યોગની પ્રાપ્તિ થાય છે. પરંતુ ઈશ્વર વિષેનું જ્ઞાન હોવું અતિ આવશ્યક છે.

હાલમાં ઈશ્વર વિષે અર્થાત્ પરમ ચૈતન્ય તત્ત્વ વિષે ઘણી ગેરસમજ અથવા અજ્ઞાન અથવા અલ્પજ્ઞાન પ્રવર્તતું જોવા મળે છે. દરેક કોમમાં, દેશમાં અને સંપ્રદાયમાં મહામાનવો થયા છે. તે સૌને, તેમનાં પ્રેરણાદાયક દિવ્ય સત્કર્મોને કારણે ઈશ્વર માની લેવામાં આવ્યા. હા, તેઓ ઈશ્વરતુલ્ય હતા પરંતુ 'ઈશ્વર' તો નહોતા જ, 'અલ્લાહ' તો નહોતા જ, 'ગોડ ધ ફાધર' તો નહોતા જ.

સર્વવ્યાપક પરમ ચૈતન્ય તત્ત્વને જુદા જુદા સંપ્રદાયોમાં જુદા જુદા નામે સંબોધાય છે. થોડાક સમય માટે, ધર્માંધતાને-કોમાંધતાને વીસરીને તટસ્થ રીતે વિચારીશું-તપાસીશું તો જણાશે કે ઈશ્વર, અલ્લાહ, ગોડ વગેરે નામો એ એક જ તત્ત્વનાં હોઈ શકે કે જેણે આ સૃષ્ટિનું સર્જન કર્યું.

પતંજલિ મુનિએ સમાધિપાદનાં ચોવીસથી ઓગણત્રીસમાં સૂત્રોમાં પરમ ચૈતન્ય તત્ત્વ વિષેની અતિ ઉપયોગી સમજ આપી છે. ફક્ત પાંચ લીટીનાં આ પાંચ સૂત્રોમાં તેમણે ઘણું ઘણું ભરી દીધું છે. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ આ સૂત્રો વિષેની અતિ વહેવારુ અને મૌલિક સમજ ખૂબ સરળ ભાષામાં આપી છે; જે આ અને હવે પછીના અંકોમાં રજૂ થશે. ઈશ્વરશરણાગતિ દ્વારા અસંપ્રજ્ઞાત યોગને કરવા ઈચ્છનાર સાધકોને ઈશ્વર વિષેની યોગ્ય જાણકારી પૂરી પાડવામાં આ માહિતી સહાયકર્તા થશે તેવી આશા છે.



: લવાજમના દર :

| | | |
|---|---|---|
| વાર્ષિક સભ્ય (ભારતમાં) | રૂા. | ૭-૦૦ |
| આજીવન સભ્ય | ,, | રૂા. ૨૦૦-૦૦ |
| વાર્ષિક સભ્ય (પરદેશમાં) | | ૭ ડોલર |
| આજીવન સભ્ય | ,, | ૨૦૦ ડોલર |



પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.

– તંત્રી

# મુક્તા

## (પાતંજલ યોગદર્શન – સમાધિપાદ)

– યોગભિક્ષુ

[પ. પૂ. ગુરૂદેવ શ્રી યોગભિક્ષુજી દ્વારા આલેખાયેલ 'મુક્તા' પુસ્તકમાંથી સાભાર]

અસંપ્રજ્ઞાત યોગની પ્રાપ્તિ માટેના ત્રણ માર્ગ છે: પહેલો ભવપ્રત્યય, બીજો ઉપાયપ્રત્યય અને ત્રીજો ઈશ્વરશરણાગતિ. ભવપ્રત્યય અને ઉપાયપ્રત્યય વિષે આપણે પાછલા અંકોમાં સમજ્યા. ઈશ્વરશરણાગતિ દ્વારા અસંપ્રજ્ઞાત યોગની પ્રાપ્તિ થાય છે તે વાતને હવે સમજીશું.

ઈશ્વરના શરણે જવાથી પણ અસંપ્રજ્ઞાત યોગની સિદ્ધિ મળે છે. કોના શરણે જવાથી ? ઈશ્વરના શરણે જવાથી. પરંતુ ઈશ્વર કોને ગણવા ? કોને ઈશ્વર કહી શકાય ? તો, ઈશ્વરશરણાગતિ દ્વારા અસંપ્રજ્ઞાત યોગની સિદ્ધિ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનાર સૌએ ઈશ્વર વિષે સમજવું જ પડશે. ઈશ્વર વિષેનો ખ્યાલ આવે ત્યારે જ ખબર પડે ને કે કોના શરણે જવાનું છે ? જેના શરણે જવાનું છે તે કેવા છે ?

સર્વસામાન્ય જનસમાજમાં પણ ઈશ્વર વિષેની જુદી જુદી માન્યતાઓ પ્રવર્તે છે અને બહુજનસમાજ તો જુદા જુદા દેહધારીઓને જ ઈશ્વર માની બેઠો છે. પરંતુ પતંજલિ મુનિએ યોગદર્શનનાં ચોવીસથી ઓગણત્રીસમા સૂત્રોમાં ઈશ્વર વિષેની ઉત્તમ સમજ આપી અને બહુજનસમાજ ઉપર અદ્વિતીય કૃપા કરી છે, ઘણા બધાને ભ્રમણામુક્ત કર્યા છે. સમાધિપાદનું ચોવીસમું સૂત્ર શું કહી રહ્યું છે ?

**ક્લેશકર્મવિપાકાશયૈરપરામૃષ્ટઃ**
**પુરુષવિશેષ ઇશ્વરઃ ॥૨૪॥**

**ભાવાર્થ** ; ક્લેશ, કર્મ, કર્મફળ અને વાસનાથી જે અસંબદ્ધ છે તેવું વિશેષ ચેતન તે ઈશ્વર છે.

**વિસ્તાર** : તે ઈશ્વર કેવા છે? તે ઈશ્વર આવા છે – ક્લેશ, કર્મ, કર્મફળો અને વાસનાઓથી અપરામૃષ્ટ: એટલે કે અસંબદ્ધ છે. આ ક્લેશ વગેરે તેમને લાગી શકતાં નથી. તેમાં કઈ વિશેષતા છે ? જેમને ક્લેશ–કર્મ વગેરે નથી અને જે તે બધાથી અસંબદ્ધ છે અને અસંગ છે તે ઈશ્વર છે.

આવી જેમનામાં વિશેષતાઓ છે તે પુરુષવિશેષ ઈશ્વર છે. આગળ આપેલા આ ચાર ખુલાસાઓ – ચાર વિશેષતાઓને જો ન લઈએ અને કેવળ "પુરુષવિશેષ ઈશ્વરઃ" એમ કહીએ તો વિશેષ પ્રકારના પુરુષને ઈશ્વર કહેવો પડે, આટલું જ લઈએ તો વિશેષ પ્રકારના પુરુષને ઈશ્વર માની લેવો પડે. સામાન્ય નરનારીઓ જે કાંઈ કરી રહ્યાં છે, સામાન્ય નરનારીઓમાં જે કાંઈ સાધારણ છે, તે સાધારણ કરતાં જે અસાધારણ દેખાય તે ઈશ્વર ઠરી ગયા – ઈશ્વર નક્કી થઈ ગયા. કેમકે તેઓમાં અમુક પ્રકારની વિશેષતા છે. આવી વિશેષતા તો ઘણા બધામાં હોઈ શકે.

જેમકે કોઈ પુરુષ આવીને આપણને એમ કહે કે "આ સૂત્ર કહે છે કે પુરુષવિશેષ ઈશ્વરઃ સામાન્ય મનુષ્યોને કોઈને બાલદાઢી નથી, કોઈ પંચકેશ રાખતા નથી અને હું તો પંચકેશ રાખું છું. બધા કરતાં મારામાં આ વિશેષતા છે તેથી મને ઈશ્વર માનો, હું ઈશ્વર છું, મને પૂજો." તો આપણે વિચાર કરીએ કે હા, આ સૂત્રમાં કહ્યા મુજબ આ ભાઈમાં બાલ-દાઢીની વિશેષતા છે; તે વિશેષતા તો ખરી, તેથી આ ભાઈને ઈશ્વર માનવા જોઈએ. પણ જરા વધુ વિચાર કરતાં આ કથન ખોટું સાબિત થાય. મારા ગામના પૂજારી પણ બાલદાઢી રાખે છે. એક ખાખી બાવાની જમાત આવી હતી તે બધાને જ બાલ-દાઢી હતાં. તો તો બધા જ ઈશ્વર થયા ! પણ ઇશ્વર તો એક છે; ઘણા તો ઈશ્વર છે નહીં. જો આ બાલ-દાઢીને વિશેષતા ગણીએ અને તે વિશેષતા જેનામાં હોય તેને ઈશ્વર

ભણું લઇએ તો તે બધા ઈશ્વર થયા. આ બાલ-દાઢીની વિશેષતા તો ઘણામાં છે. ભલે સર્વમાં નથી પણ અનેકમાં છે. અને તેથી અનેક ઈશ્વર થયા. ઈશ્વર અનેક તો છે નહીં, ઈશ્વર તો એક છે.

જો અનેક ઈશ્વર હોય તો જગતમાં અવ્યવસ્થા થઈ જાય. એક ઈશ્વર સૂર્યનારાયણને કહેશે કે સવારે સાત વાગે ઊગવાનું છે, તો બીજા ઈશ્વર કહેશે કે, ના; આઠ વાગે, ત્રીજા કહેશે કે આટલા વાગે અસ્ત, તો ચોથા કહેશે ના; આટલા વાગે અસ્ત. પાંચમા કહેશે કે તેમાં જે ઉષ્ણતા છે તે ન હોવી જોઇએ, તેમાં ઠંડક હોવી જોઈએ; તો દસમા કહેશે કે બંને હોવી જોઈએ. તો, તે જગતમાં – તે અનેક ઈશ્વરના જગતમાં કેટલી અવ્યવસ્થા ઉત્પન્ન થઇ જાય? જગતમાં એવી અવ્યવસ્થા ક્યાંય દેખાય છે? કોઈ જગ્યાએ દેખાય છે?

જગત કેટલું સુવ્યવસ્થિત! કેટલું સુંદર! પશુ-પક્ષી–મનુષ્ય, ઝાડપાન, પથ્થરપહાડ, નદીનાળાં, સૂર્ય–ચંદ્ર–તારા–આકાશ જ્યાં જુઓ ત્યાં ક્રમબદ્ધ. ઉનાળામાં ગરમી, શિયાળામાં ઠંડી, ચોમાસામાં વરસાદ. ઋતુઓ પ્રમાણે ઋતુઓ વર્તે, દરેક પદાર્થ સુવ્યવસ્થિત અને સુંદર. બધું જ સત્યમ્ શિવમ્ સુંદરમ્. જગતમાં કેટલી બધી સુવ્યવસ્થા જોવા મળે છે! એક પરિવારમાં બે–ત્રણ સંચાલકો હોય તો તે પરિવારમાં વ્યવસ્થા રહી ન શકે. જેમાં એક સંચાલક હોય તે પરિવાર સુચારુરૂપથી ચાલે, તે એક જે કાંઇ પણ કહે તે પ્રમાણે બધા વર્તન કરે તો. આ માત્ર એક પરિવારની જ વાત થઈ પણ આવું મોટું વિશાળ–વિરાટ જગત, તોય તે કેવું સુવ્યવસ્થિત ચાલી રહ્યું છે! તે વ્યવસ્થા કઇ રીતે હોઈ શકે તેની જો આપણે કલ્પના કરીએ તો તરત જ ઈશ્વર સિદ્ધ થાય; ઈશ્વરની સિદ્ધિ થઇ શકે કે હા, ઈશ્વર છે. ભલે આપણે તેને જોઇ શકતા નથી પરંતુ આ રીતે અનુભવી જરૂર શકીએ. કઈ રીતે? કે જો જગતમાં આવી સુંદર વ્યવસ્થા છે તો તે વ્યવસ્થાનો વ્યવસ્થાપક જરૂર છે. જો કાંઇ કાર્ય થઇ રહ્યું છે તો તેનું કોઈ કારણ જરૂર છે.

સ્ત્રીઓ એટલે આવી જ, પુરુષો એટલે આવા જ. એ જે નિયમ કે ચકલી આવી જ હોય, ચકલો આવો જ હોય; પોપટ આવો જ હોય, પોપટી આવી જ હોય; નર આવો જ હોય, માદા આવી જ હોય. નર–પોપટના ગળે કાળો કાંઠલો હોય. કોઇ નર-પોપટને કાંઠલો હોય અને કોઈને ન હોય એવું નહીં. બધાને એકસરખાં ચિહ્નો. એવી જે વ્યવસ્થા, તેનો કરનાર કોણ છે? જો વ્યવસ્થા છે તો વ્યવસ્થાપક અવશ્ય છે. આમ, આ રીતે, ઈશ્વરનો આપણે અનુભવ કરી શકીએ.

લીમડાનું બી વાવીએ તો લીમડો જ થાય અને થોરિયા વાવીએ તો થોરિયા જ થાય; ગોટલી વાવીએ તો આંબો જ થાય. આ બધું કોણ કરે છે? ગોટલી વાવી તેમાંથી આંબો જ થયો, બાવળીઓ કેમ ન થયો? તેમાંથી થોરિયો કેમ ન થયો? જેનું બી હતું તેમાંથી તેનું ઝાડ થયું. આ બધી વ્યવસ્થા કોણ કરે છે?

સત્કર્મ કરીએ તો તેનું સુખ મળે અને અસત્કર્મ કરીએ તો તેનું દુઃખ મળે. આ બધી વ્યવસ્થા કરનાર કોણ? તેનો કોઈ વ્યવસ્થાપક છે. તેનું નામ તમને ઠીક પડે તે આપો. ઈશ્વર કહો કે, પરમાત્મા કહો કે, પરમતત્ત્વ કહો કે, પરમસત્તા કહો કે ચેતન્ય કહો કે, પ્રકૃતિ કહો કે, નિયતિ કહો કે, કુદરત–નિસર્ગ કહો કે જે યોગ્ય લાગે તે કહો પરંતુ તેનો સ્વીકાર જરૂર કરવો પડશે કે જેના દ્વારા આ વ્યવસ્થા ચાલી રહી છે; એક એવા તત્ત્વને માન્ય રાખવું જ પડશે. તેને નહીં માનો તો તેનું શું બગડી જવાનું છે? જો માનીશું તો સમાધાન મળશે અને સમાધાનથી સુખ અને શાંતિ પ્રાપ્ત થશે અને ઘણા બધા પ્રશ્નો અને ઘણી બધી શંકાઓનું નિરાકરણ થઈ જશે. તે તત્ત્વની સિદ્ધિ કઈ રીતે થશે? આ રીતે, કે જગતમાં જે કોઈ વ્યવસ્થા પ્રવર્તે છે તે વ્યવસ્થાપક વિના ન હોઈ શકે. નહીં તો કોઇ આંબો વાવે અને ઊગે બાવળીઓ તો શા માટે કોઇ આંબો વાવે? કોઈ પુણ્યકર્મ કરતો હોય અને તેના ફળરૂપે તેને દુઃખ

મળે તો શા માટે તે પુણ્યકર્મ કરે ? જેવું કાર્ય કરે તેમાંથી તેને તેવું ફળ મળે તે કર્મનો સિદ્ધાંત છે તે સિદ્ધાંતની દરેક શાસ્ત્રમાં આવતી વાત ફોક થઈ જાય. શાસ્ત્રો શેનાથી ભરેલાં છે ? 'વિધિ' અને 'નિષેધ'થી. શાસ્ત્રોમાં મોટે ભાગે શેનું વર્ણન છે ? વિધિ અને નિષેધનું. વિધિ એટલે ? 'મનુષ્યે અમુક પ્રકારનું જ કર્મ કરવું જોઇએ અને અમુક પ્રકારનું જ વર્તન રાખવું જોઇએ તો તેને સુખ મળે છે', આનું નામ વિધિ. અને નિષેધ એટલે ? 'આમ ન કરવું જોઇએ – તેમ ન કરવું જોઇએ કારણ કે તેનાથી દુઃખ મળે છે', તેનું નામ નિષેધ.

જો જગતમાં આવી અવ્યવસ્થા થઈ જાય કે કેરી વાવે અને બાવળીઓ ઊગે, તો પછી કર્મનો સિદ્ધાંત કયાં રહ્યો ! તો પછી આ બધાં શાસ્ત્રો ઊડી જાય. કારણ કે વિધિ અને નિષેધ ન રહ્યાં. વિધિનું પાલન અને નિષેધનો નિષેધ કોઈ શા માટે કરે ? જે નિષિદ્ધ ગણવામાં આવ્યાં છે તેવાં કર્મોને શા માટે છોડે ? તે પણ કરે. વિધિનું પાલન કરવાનું છે. પાલન શા માટે કરે ? મન ફાવે તે પ્રમાણે વર્તે તોય તેને સુખ મળે, ખોટાં કર્મો કરે તોય તેને શાંતિ મળે તો પછી સારાં કર્મો કરે જ શા માટે ? આ રીતે તો વિધિ અને નિષેધનું ખંડન થઈ જાય અને વિધિ ને નિષેધનું ખંડન થઇ જાય તો સર્વ શાસ્ત્રોનું પણ ખંડન થઈ જાય કેમકે બધાં શાસ્ત્રોમાં મુખ્યપણે વિધિ અને નિષેધ છે; બધાં શાસ્ત્રો વિધિ–નિષેધ–પૂરક છે.

વાત ચાલતી હતી કર્મનાં ફળોની. જે જેવું કર્મ કરે તેને તેવી ફળપ્રાપ્તિ થાય. તે કોના દ્વારા થાય ? જે આ એક ઇશ્વર – આવું જે એક તત્ત્વ કે જે બધી વ્યવસ્થા જાળવી રહ્યું છે તેના દ્વારા. એ તત્ત્વ એક છે. તે ઈશ્વર એક છે, તે અનેક નથી તે વાતની સિદ્ધિ કરવા માટે આ વાતનો આટલો લાંબો વિસ્તાર કર્યો. શાસ્ત્રોને, વિધિનિષેધને, કર્મોને, તેના સિદ્ધાંતને, પોપટ–પોપટીની વાતને, વ્યવસ્થા ઈત્યાદિ વાતોને ખૂબ ખૂબ લંબાવી. શા માટે ? તે બતાવવા કે ઇશ્વર એક છે, અનેક નથી. ઇશ્વર એક છે તે કયા સિદ્ધાંતથી નક્કી કર્યું ? આ વ્યવસ્થાથી; બધે એક પ્રકારની જ વ્યવસ્થા પ્રવર્તે છે. અહીં તેલનારમાં, કેદારેશ્વરમાં, અમદાવાદમાં, હિંદુસ્તાનમાં, અમેરિકામાં, રશિયામાં બધે એક જ વ્યવસ્થા પ્રવર્તે છે. સર્વે મનુષ્યોનું લોહી લાલ જ છે. કોઈ મનુષ્યનું કે પશુપક્ષીનું લોહી લીલું–પીળું નથી. આમ એક જ વ્યવસ્થા પ્રવર્તે છે. તેથી એમ નક્કી થાય છે કે વ્યવસ્થાપક એક છે. બધે એક જ વ્યવસ્થા પ્રવર્તે છે, ચાહે ભારતમાં કે ભારતની બહાર; ચાહે ઘરમાં કે ઘરની બહાર; ચાહે મંદિરમાં કે મંદિરની બહાર; એમ બધી જ જગ્યાએ તે તત્ત્વનું રાજ્ય–સામ્રાજ્ય છે. ત્યાં એક જ વ્યવસ્થા પ્રવર્તે છે તેથી એ વ્યવસ્થાનો વ્યવસ્થાપક એક જ છે. આમ, ઉપરોક્ત સ્થૂળ રીતે કોઈ પોતાને ઈશ્વર સિદ્ધ કરે તો તે રીતે પણ તે ઈશ્વર સિદ્ધ થતો નથી. પણ અહીં તો આપણે યોગનાં સૂત્રો દ્વારા ચકાસણી કરવાની છે કે કોઈ, બીજી રીતે પોતાને ઈશ્વર કહેતો કહેતો આવે તો પણ તે ઈશ્વર નથી.

કેમકે યોગસૂત્ર શું કહે છે ? ખરેખર શું હોવું જોઈએ ઇશ્વરમાં ? ઈશ્વર ક્લેશરહિત હોવા જોઈએ. તેમનામાં ક્લેશ ન હોવા જોઇએ. જે કોઈ ઇશ્વર થઇ બેઠેલા છે અને પોતાને ઈશ્વર કહે છે, તેમનામાં ક્લેશો છે ? જો હા, તો આ સૂત્ર પ્રમાણે તે ઇશ્વર નથી. આ સૂત્ર પ્રમાણે તો ઇશ્વરમાં ક્લેશ નથી. કદાચ કોઈ એવા પણ જોવામાં આવે કે તેમનામાં ક્લેશ ન હોય. તે કહેશે કે મારામાં ક્લેશ નથી તો હું ઇશ્વર ખરો કે નહીં ? તો આ સૂત્રને આપણે ફરી તપાસીએ. સૂત્રમાં શું કહ્યું છે ? ઇશ્વરમાં ક્લેશેય નથી અને કર્મેય નથી. આમને તો સવારથી સાંજ સુધી કર્મ કરવાં પડે છે. જો તે કર્મ ન કરે તો જીવી જ ન શકે. કર્મના આધારે તો તે જીવી રહ્યા છે. માટે તેઓ ઇશ્વર નથી. ઇશ્વરમાં તો ક્લેશ–કર્મ કાંઈ જ નથી અને આમનામાં તો કર્મ છે. પણ કદાચ કોઇ મળી જાય કે જેમાં ક્લેશ–કર્મ એકેય ન હોય તો પછી કર્મનાં ફળો તો ન જ હોય ને ?

પછી રહી વાસનાની વાત. આ ચારેય થકી ઈશ્વરની ચકાસણી કરાય છે. આપણે જે જગતમાં જીવી રહ્યા છીએ તેમાં કોઈ પોતાને ઈશ્વર, ભગવાન કે પરમાત્મા કહેતા કે કહેવડાવતા હોય તો પાતંજલ યોગદર્શનનાં સૂત્રોની આ વ્યાખ્યાથી તેમને ચકાસી જોવા. આ ચકાસણીમાં કે આ વ્યાખ્યામાં કોઈ પાસ ના થાય તે ઈશ્વર નથી, ઈશ્વર તો જુદા જ છે. તેથી તે ઈશ્વરની ઓળખ આ સૂત્રો દ્વારા આપી દીધી કે ઈશ્વરમાં શું શું નથી. આ ચાર તેમનામાં નથી. કદાચ કોઈ એવો પણ જાગે અને કહે કે આ ચારેય મારામાં નથી તો હું ઈશ્વર ખરો કે નહીં ? ના, તો પણ નહીં. આગળનું સૂત્ર બીજું કાંઈ કહી રહ્યું છે, વધુ કાંઈક કહી રહ્યું છે, વધુ ખુલાસો અને સ્પષ્ટતા કરી રહ્યું છે.

પાતંજલ યોગદર્શનનાં ચોવીસ થી ઓગણત્રીસ સૂત્રોમાં ઈશ્વર વિષેની સંપૂર્ણ સમજ આપેલી છે. આ અંકમાં આપણે ચોવીસમું સૂત્ર સમજ્યા. કલેશ, કર્મ, કર્મફળ અને વાસનાથી જે અસંબદ્ધ છે તેવું વિશેષ ચેતન તે ઈશ્વર છે. પચ્ચીસમું સૂત્ર આવતે અંકે સમજીશું.

(ક્રમશઃ)

: લવાજમ મોકલવાનુ સ્થળ :

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ
૧-અ, પલિવડનગર, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ, નારણપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩.

(૨) શ્રી નૈષધ સી. વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ, મણીનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૮.

સૂચના : લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા ઓ. પ્રે. પ. ટ્રસ્ટના નામે મોકલવું. સાથે આપનું પુરું નામ અને સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

"સાચાં સુખશાંતિ સૂક્ષ્મ અને અંતર્મુખ ધ્યાનમાં જ છે. અતિશય બહિર્મુખ સ્થૂળ ધ્યાનનું જ પરિણામ વર્તમાનકાલીન આધુનિક વિનાશક વિજ્ઞાન છે." ॥ ૯ ॥

"જેટલી ઝડપથી ટેકરીની ટોચે ચડી જઇએ છીએ તેટલી જ ઝડપથી નીચે ઊતરવાનું આવે છે. તે જ પ્રમાણે જેટલી ઝડપથી ભૌતિક શોધો રૂપી ટેકરી પર પહોંચી જઇશું તેટલી જ ઝડપથી નીચે ઊતરવાનું આવશે." ॥ ૧૦ ॥

# સર્વ જીવ શુભેચ્છા દિવસ

સંકલન : ગુરુપાદપંક

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુના માર્ગદર્શન હેઠળ ઓમૂપરિવારના ઉપક્રમે કેટલાક વિશિષ્ટ કાર્યક્રમો અવારનવાર યોજાતા રહે છે. આવો જ એક કાર્યક્રમ મહાશિવરાત્રી નિમિત્તે ઊજવાયો. તા. ૧–૩–૮૭ને રવિવારનો દિવસ ઓમૂપરિવાર દ્વારા "સર્વ જીવ શુભેચ્છા દિવસ" તરીકે જાહેર કરવામાં આવ્યો અને નિર્વિઘ્ને સફળતાપૂર્વક સંપન્ન થયો.

ઓમૂપરિવાર દ્વારા ઉજવાતા કાર્યક્રમોમાં લગભગ આ પ્રથમ જ જાહેર કાર્યક્રમ હતો કે જેમાં ઓમૂ-પરિવારના પ્રતિનિધિઓ સીધા જ જનસંપર્કમાં આવવાના હતા. તેથી કાર્યક્રમ વધુમાં વધુ શિસ્તબદ્ધ થાય તે અનિવાર્ય હતું. ડૉ. સદ્ગુરુસમર્પણભિક્ષુજી, શ્રી ભરત દેસાઈ તથા બીજા પ્રતિનિધિઓની એક ખાસ સભા બોલાવાઈ અને તે સભામાં અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં આવેલાં તેર મંદિરો નક્કી કરવામાં આવ્યાં કે જે મંદિરોના પ્રાંગણમાં ઓમૂ-પરિવારના પ્રતિનિધિઓ અમૂલ્ય આધ્યાત્મિક સાહિત્ય-નાં ચોપાનિયાં દર્શનાર્થીઓને વહેંચશે એવું નક્કી કરવામાં આવ્યું. પ્રતિનિધિઓ પોતાની સાથે ઓ. પ્રે. પ. ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પુસ્તકોનો સ્ટોલ રાખે અને સાથે સુંદર સુવાક્યોનાં પ્લેકાર્ડ્ઝ પણ રાખે તો કેવું ? એવા એક સૂચનને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. સમય સવારે આઠથી અગિયારનો નક્કી થયો. અગિયાર વાગે સૌ પોતપોતાના સ્ટોલનું કાર્ય આટોપી લઈ 'ધર્મમેઘ'માં એકઠા થાય અને ત્યાર પછીનો કાર્યક્રમ ધર્મમેઘમાં થાય એવું નક્કી કરવામાં આવ્યું. ઘણાં બધાં કુટુંબોએ અથવા તો કુટુંબમાંના સભ્યોએ પોતાનાં નામ પૂર્ણ ઉત્સાહથી નોંધાવ્યાં. આટલું નક્કી કરી સભા બરખાસ્ત કરવામાં આવી. ત્યારબાદ સૌ પોતપોતાના કાર્યમાં લાગી ગયા. જુદાં જુદાં આધ્યાત્મિક લખાણોવાળાં લગભગ પચીસ હજાર ચોપાનિયાં છપાવવામાં આવ્યાં. જુદાં જુદાં સુવાક્યોનાં પ્લેકાર્ડ્ઝ તૈયાર થઈ ગયાં. એ સિવાયની તમામ સાધન–સામગ્રી પણ તૈયાર થઈ ગઈ. કાર્યક્રમના આગળના દિવસે દરેક પ્રતિનિધિને આ બધી વસ્તુઓ સોંપી દેવામાં આવી અને સૌને આગ્રહપૂર્વક જણાવવામાં આવ્યું કે સૌએ દરેક મંદિર પર સમયસર પહોંચી જવું.

તા. ૧–૩–૮૭ ના રોજ ઊજવાતા આ કાર્યક્રમના સમાચાર દરેક સમાચારપત્રોમાં આવેલા. જે જે મંદિરો નક્કી કરવામાં આવેલાં તેમના મહંતોની–પૂજારીઓની અગાઉથી સ્વીકૃતિ મેળવી લીધી હતી અને સૌએ ઉત્સાહપૂર્વક સંમતિ પણ આપી દીધેલી. આમ દરેક મંદિરમાં નિયત સમયે ઉપસ્થિત થયેલા ઓમૂ-પરિવારના પ્રતિનિધિઓએ અગાઉથી નક્કી થયેલા મંદિરના પ્રવેશદ્વારમાં જ ટેબલ ઉપર પુસ્તકો ગોઠવી દીધાં અને પ્લેકાર્ડ્ઝને મંદિરમાં જ જુદે જુદે ઠેકાણે ગોઠવી દીધાં. એક પ્રતિનિધિ પુસ્તકોના ટેબલ પાસે ઊભા રહે અને બાકીના સૌ મંદિરના પ્રવેશદ્વારે ચોપાનિયાં લઈને ઊભા રહે અને આવતા–જતા દર્શનાર્થીને આ ચોપાનિયાં વહેંચે. અને દર્શનાર્થીને ચોપાનિયું ધ્યાનપૂર્વક વાંચતા જુવે એટલે વહેંચનારના મુખ પર પ્રસન્નતા છવાઈ જાય.

ડૉ. સદ્ગુરુસમર્પણભિક્ષુજી અને મેં બંનેએ સવારે આઠ વાગે નારણપુરાથી નીકળી દરેકે દરેક મંદિરની મુલાકાત લીધી. અમારી સાથે અમે વધારાનું સાહિત્ય પણ રાખેલું કે જેથી જે મંદિરે સાહિત્ય ખૂટી જાય ત્યાં આપી શકાય. જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં ચારે બાજુ સૌના હાથમાં 'સર્વ જીવ શુભેચ્છા દિવસનાં ચોપાનિયાં નજરે પડતાં, સૌ એ ચોપાનિયાં વાંચતાં નજરે પડતાં, ચોપાનિયાં વાંચી સૌ આધ્યાત્મિક પુસ્તકો-ના સ્ટોલ તરફ જતાં નજરે પડતાં; ઓમૂપરિવાર વિષે, ઓ.પ્રે.પ. ટ્રસ્ટ વિષે, પૂજ્ય શ્રી યોગભિક્ષુજી વિષે, આધ્યાત્મિક પુસ્તકોમાંના સાહિત્ય વિષે પૂછતાછ કરતાં નજરે પડતાં. દરેકે દરેક મંદિર ઉપર ફરજ બજાવતા પ્રતિનિધિઓમાં આકંઠ ઉત્સાહ જોવા મળ્યો. કોઈના ચહેરા પર કંટાળાની આછી ઝલક પણ જોવા ન મળી.

અને આ જોઈ ડૉ. સદ્ગુરુસમર્પણભિક્ષુજી પણ ઉત્સાહમાં આવી જઈ એક મંદિરેથી બીજા મંદિરે અને બીજાથી ત્રીજા મંદિરે પહોંચી સૌને ધન્યવાદ આપીને પોતાનો ઉત્સાહ પ્રગટ કરતા.

આ તરફ 'ધર્મમેઘ' (પૂજ્યશ્રીના નિવાસસ્થાન) માં પણ આજના કાર્યક્રમની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી હતી. અગાઉથી નક્કી કર્યા મુજબ ત્રણ સ્વયંસેવકો સવારે સાત વાગે 'ધર્મમેઘ'માં પહોંચી ગયા હતા. પૂજ્યશ્રીએ "જો શાંતિને આપીએ, તો શાંતિને પામીએ." એ મહામંત્રની ધૂન બોલાવી. લગભગ પોણા આઠ વાગે પૂજ્યશ્રી અને ત્રણ સ્વયં-સેવકો ધર્મમેઘ મુકામેથી નીકળ્યા અને મણિનગર વિસ્તારમાંનાં મુકરર થયેલાં મંદિરોની મુલાકાત લેવા માંડી. પૂજ્યશ્રી દરેક મંદિરે દર્શન કરી ત્યાં હાજર રહેલા પ્રતિનિધિઓને "જો શાંતિને આપીએ, તો શાંતિને પામીએ."ની ધૂન બોલવાનો આદેશ આપતા. સૌ થોડો સમય ધૂન બોલતા. ત્યાર બાદ સૌને શિસ્ત-પૂર્વક કાર્ય કરવાનો આદેશ આપી પૂજ્યશ્રી બીજા મંદિર તરફ આગળ વધતા. પૂજ્યશ્રીની હાજરીમાત્રથી સૌ પ્રતિનિધિઓમાં અનેરો ઉત્સાહ વ્યાપી જતો. મંદિરમાં આવેલા દર્શનાર્થીઓ પણ પૂજ્યશ્રીને પ્રણામ કરી 'જાગતા નર'નાં દર્શનનો લાભ લેતા. કેટલાંક મંદિર અને આશ્રમોમાં તો ત્યાંના સંચાલકો પૂજ્યશ્રીને જલપાન અને ફળાહારનો આગ્રહ પણ કરતા પરંતુ સમયની મર્યાદાને કારણે એ શક્ય નહોતું. મંદિરો અને તેની આજુબાજુના વિસ્તારોમાં ચારે બાજુ 'સર્વ જીવ શુભેચ્છા... સર્વ જીવ શુભેચ્છા...' થઈ રહ્યું હતું.

વાંચકોને એમ જરૂર થશે કે 'સર્વ જીવ શુભેચ્છા દિવસ'નાં ચોપાનિયાંમાં એવું તે શું હશે !? એ ચોપાનિયાંમાં શાંતિ–પ્રાપ્તિ–સાધનનો અમૂલ્ય ખજાનો ભરી દેવામાં આવેલો. સરળમાં સરળ ભાષામાં અને આપણી આસપાસમાં અવારનવાર બનતાં દૃષ્ટાંતો – કે જે જોઈને પણ, આપણે કદી પણ તે તરફનો વિચાર નથી કરતા તેવાં દૃષ્ટાંતો – દ્વારા એ વાતને સિદ્ધ કરવામાં આવેલી કે જો આપણે શાંતિ આપીશું તો જ શાંતિ પામીશું. ચોપાનિયાંમાંના સાહિત્ય વિષે વધુ કાંઈ લખું તેના કરતાં વાંચકોની જિજ્ઞાસાપૂર્તિ અર્થે તે લખાણને અક્ષરસ: રજૂ કરવું જ વધુ યોગ્ય લેખાશે: (પત્રિકાનું લખાણ નીચે રજૂ થાય છે.)

## ચાલો ઊજવીએ
## સર્વ જીવ શુભેચ્છા દિવસ
## તા. ૧-૩-૮૭

આજના શુભ દિવસે આપ જગતના સર્વ જીવો માટે શું ત્યાગી શકો છો ?

આપ આજના દિવસે સર્વ જીવો માટે ફક્ત શુભેચ્છાઓનું-શુભકામનાઓનું દાન કરો એવી આપને આગ્રહભરી વિનંતી છે.

આપણી પાસે બીજું કાંઈ ભલે ન હોય પરંતુ "સૌ સુખી થજો" એટલો શુભ–સંકલ્પ તો જરૂર છે. માટે તા. ૧–૩–૮૭ના દિવસે "વિશ્વના સર્વ જીવો સુખી થજો" એવી ભાવનામાં આપણે વધુમાં વધુ રહીને આ દિવસને ઊજવીએ.

કોઈ પણ પ્રકારનું આચરણ કરતા પહેલા વિચાર કરવો પડે છે; આચરણથી પણ પહેલું સ્થાન વિચારનું – સંકલ્પનું છે. શુભ સંકલ્પ જબરજસ્ત શક્તિશાળી હોય છે. તે, વર્તુળ પૂરું કરીને (સરકીટ કમ્પલીટ કરીને) જ્યાંથી ઉત્પન્ન થયો હોય છે ત્યાં પાછો આવીને સમાય છે તેથી શુભ સંકલ્પ કરનાર પોતે પણ સુખી થાય છે.

લાકડામાં રહેલો અગ્નિ પ્રગટે છે ત્યારે તે, તે લાકડાને પ્રથમ બાળે છે કે જેમાં તે રહ્યો છે. તેમ ઈર્ષા–અગ્નિ પણ જે હૃદયમાં પ્રગટે છે તે હૃદયને પહેલાં બાળે છે. શુભેચ્છા પણ જેમાં પ્રગટે છે તેને પ્રથમ સુખ આપે છે.

**જો શાંતિને આપીએ,**
**તો શાંતિને પામીએ.**

બાવળમાંથી કાંટા જ મળે છે અને આંબામાંથી કેરીઓ જ મળે છે તેમ અશાંતિમાંથી અશાંતિ જ અને શાંતિમાંથી શાંતિ જ મળે છે. સારાં કર્મો કરવાથી સુખ અને ખરાબ કર્મો કરવાથી દુઃખ જ મળે છે.

બાવળ, આંબો, વગેરે જે જગ્યાએ વાવ્યાં તે જ જગ્યાએ ઊગે છે અને ફળ આપે છે તેથી તેની ફળ-પ્રાપ્તિની આપણને ખબર પડે છે. પરંતુ સૂક્ષ્મ સત્–અસત્ કર્મો જ્યાં કર્યાં હોય ત્યાંથી જ તુરત જ ફળ આપતાં નથી તેથી તેની ફળપ્રાપ્તિની આપણને શીઘ્ર સમજણ પડતી નથી. સારું કે ખોટું કાર્ય અમદાવાદ–માં કર્યું હોય તો તેનું સુખ કે દુઃખરૂપી ફળ મુંબઈ કે અન્ય સ્થળેથી પણ મળી શકે છે. સૂક્ષ્મ કર્મનો સૂક્ષ્મ નિયમ જલદી સમજમાં ઊતરે તેવો નથી તેથી મનુષ્ય ગફલતમાં રહી જાય છે અને ખોટાં કાર્યો કરીને દુઃખી થાય છે.

કોઈ બળવાન મનુષ્ય જતો હોય તેને લાફો માર-વાનું આપણને મન થાય તો આપણે મન ઉપર કાબૂ રાખીએ છીએ. કેમકે એ ખબર છે કે તેને આપણે એક લાફો મારીશું તો તે સામેથી આપણને દસ લાફા ફટકારશે. પરંતુ નિર્બળને હેરાન કરતાં આપણે થોડા પણ અચકાતા નથી. કારણ કે આપણે એમ માનીએ છીએ કે તે કાંઈ કરી શકવાનો ન હતો ? પરંતુ સાવધાન ! તે કર્મનું ફળ દુઃખ પણ કર્મના સૂક્ષ્મ નિયમ પ્રમાણે યથાસમયે જરૂર ભોગવવું જ પડે છે. માટે આટલું જરૂર યાદ રાખીએ કે –

(૧) બીજા જીવોને સુખી કરવાથી સુખી થવાય છે.
(૨) બીજા જીવોને દુઃખી કરવાથી દુઃખી થવાય છે.
(૩) બીજાઓને સન્માન આપવાથી સન્માન પમાય છે.
(૪) બીજાઓ તરફ ઈર્ષા કરવાથી ઈર્ષા મળે છે.
(૫) બીજાઓ ઉપર ક્રોધ કરવાથી ક્રોધ મળે છે.
(૬) બીજાઓનો તિરસ્કાર કરવાથી તિરસ્કાર મળે છે.
(૭) બીજાઓ માટે શુભેચ્છા રાખવાથી શુભેચ્છાઓ મળે છે.

– યોગભિક્ષુ

## મૃત્યુલોકને દિવ્યલોક કેવી રીતે બનાવીશું ?

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિ–ગ્રહને 'યમ' કહેવામાં આવે છે કે જે અષ્ટાંગયોગનું પ્રથમ અંગ છે. આ પાંચેનું જે પાલન કરે છે તે મૃત્યુના દેવ યમને દૂર રાખી શકે છે એટલે કે ઈચ્છા–મૃત્યુ થઈ શકે છે. તેથી તેનું 'યમ' નામ સાર્થક છે. યમનાં ઉપરોક્ત પાંચ અંગોનું પાલન કેવળ થોડી સાધના કરવી છે તેને માટે તો ઉપયોગી છે જ, પરંતુ જેને પણ મનુષ્યજન્મની સાર્થકતા કરી જીવનમાં વધુમાં વધુ સુખશાંતિ પ્રાપ્ત કરવાં છે તે સર્વે માટે ઉપયોગી છે. જો બચપણથી જ, બાળકોને બાળમંદિરોથી જ શરૂઆત કરાવીને શાળાઓ અને મહાશાળાઓ સુધી યમનાં અંગોનું અતિ આત્મીયતા અને યુક્તિ–પ્રયુક્તિપૂર્વક શિક્ષણ આપવામાં આવે તો ઉન્નતિ અને કલ્યાણનું એક જબરજસ્ત કાર્ય સહેજમાં સંપન્ન થઈ જાય અને તો વિશ્વ ઉપર જેલખાનાં, દવાખાનાં અને પાગલખાનાં ક્યાંય જોવા ન મળે. જો કે હાલમાં તો આ વાતો શેખચલ્લીના તરંગો જેવી લાગશે ! પણ જો ઉપરોક્ત રીતે તૈયાર થયેલ દિવ્ય–ગુણ–સંપન્ન પેઢીઓ વિશ્વ ઉપર અસ્તિત્વમાં આવતી જાય તો એક દિવસ મૃત્યુલોક દિવ્યલોક થઈ જાય તેમાં કોઈ શંકા નથી.

– યોગભિક્ષુ

ઉપરોક્ત લખાણવાળી પત્રિકા જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં વંચાતી જોવા મળી. તો, આમ પૂજ્યશ્રીએ મણીનગરથી શરૂઆત કરી અને મુકરર મંદિરોની મુલા-કાત લેતા લેતા છેલ્લે જ્યારે સંન્યાસઆશ્રમ આવ્યા ત્યારે અગિયાર વાગી ચૂક્યા હતા. સંન્યાસઆશ્રમના સ્વયંસેવકોએ પણ તેમનું કાર્ય આટોપી લીધું હતું કારણ કે હવે પછીનો કાર્યક્રમ 'ધર્મમેઘ'માં હતો તેથી વહેલી તકે ત્યાં પહોંચવાનું હતું.

લગભગ સાડા અગિયાર થઈ ગયા હતા. સંન્યાસ-આશ્રમથી પૂજ્યશ્રી સીધા 'ધર્મમેઘ' આવ્યા. નજીકના વિસ્તારની ટુકડીઓ પણ આવી ગઈ હતી. એક–બે

ટુકડીના સ્વયંસેવકો બાકી હતા તે પણ આવી ગયા અને થોડા સમયમાં આખું ચોગાન માણસોથી ભરાઈ ગયું. સૌ કોઈ આવી ગયા એટલે પૂજ્યશ્રીએ સૌને આરામ મળે એટલા માટે સ્વાધ્યાયનો કાર્યક્રમ ફેરવીને પ્રવચનની શરૂઆત કરી. પૂજ્યશ્રી આવી ઝીણી ઝીણી બાબતોનું ખૂબ ધ્યાન રાખે છે, અને રાખે જ ને. જેનામાં સૂક્ષ્મ–દિવ્ય–અલૌકિક–આધ્યાત્મિક ધ્યાનની પ્રતિષ્ઠા થઈ ચૂકી હોય તેના માટે આવું સ્થૂળ ધ્યાન તો સ્વભાવગત જ હોય, અનાયાસે જ થઈ જતું હોય. સૌ કોઈએ લગભગ ચાર કલાક સુધી ખડે પગે અસહ્ય ગરમીમાં ફરજ બજાવી હતી એટલે સૌના મોઢા ઉપર થાક વરતાતો હતો. હવે આવીને તરત જ લગભગ એક કલાક સુધી સ્વાધ્યાય કરે તો સૌની શું હાલત થાય ? આમ વિચારીને, સૌના મનોભાવ કળી જઈને પૂજ્યશ્રીએ જાહેર કર્યું કે સ્વાધ્યાયનો કાર્યક્રમ પ્રવચન પછી કરીશું. આટલું જાહેર કરી પૂજ્યશ્રીએ પ્રવચનની શરૂઆત કરી –

"બધાં જ મંદિરોએ સદ્ભાવપૂર્વક આપણને અપનાવ્યા; તેમનાથી બને એટલી સગવડ આપી. લગભગ જ્યાં જ્યાં અમે ગયા ત્યાં ત્યાં બધાના હાથમાં આપણા 'સર્વ જીવ શુભેચ્છા દિવસ'ના ચોપાનીયાં જ હતા. થોડા સમય પહેલા આપણે પદયાત્રા કાઢેલી. એ વખતે કુંભમેળો ચાલતો હતો. ત્યારે આપણે પદયાત્રાને કુંભથી પણ અધિક ગણેલી. એમ આજની આ યાત્રા પણ ઘણી મોટી મહત્તાવાળી છે. ૐભૂપરિવારનો જે કાંઈ કાર્યક્રમ થયો, ગુરુ–સંતો તરફથી જે કાંઈ પ્રેરણા મળી તેને આપણે અપનાવી લીધી અને તે પ્રમાણે કાર્ય કરવા માટે તત્પર થઈ ગયા એ જ એક મોટી મહત્તા છે. "ગુરુ સમ ઔર કોઈ નહીં દાતા; માતા, પિતા, પુત્ર કે ભ્રાતા." ગુરુમહિમાની કેટલી મહત્તા છે તે આપણે સૌ જાણીએ જ છીએ. ભગવાન પાસે આપણે પ્રાર્થના કરીએ કે તેમની જે કૃપા વરસી જ રહી છે તેનો આપણે અનુભવ કરી શકીએ.

"આજનું કાર્ય પણ એવું જબરજસ્ત છે, એટલા મોટા પુણ્યની પ્રાપ્તિવાળું કાર્ય છે કે એને આપણે સમજીએ. ભગવાન પાસે એ પ્રાર્થના કરીએ, ગુરુ–સંતો પાસે આપણે વિનવણી કરીએ કે તમે એવી આશિષ આપો કે અમે જે આ મહત્તાપુર્વક અતિ મહત્તાવાળાં કાર્યો કરીએ છીએ એની મહત્તાને સમજીએ. ગાંવકા જોગી જોગટા, આન ગાંવકા સિદ્ધ જેવું ન થાય. કુંભનો મેળો હોય એમાં જઈએ તો જ આપણને મોટું લાગે, અહીંથી શ્રીનાથજી જઈએ તો જ આપણને મોટું લાગે, અહીંથી ઉજ્જૈન જઈએ તો જ આપણને મોટું લાગે; ઘણો બધો પૈસા ખરચીએ, દર્શન માટે લાઈનમાં ઊભા રહીએ તોય નંબર ના આવે એવી સ્થિતિ હોય એને જ આપણે મોટું માનીએ; અને જે સરળતાથી મળી જાય એને મોટું ના માનીએ !? પરમાત્માને પ્રાર્થના કરીએ કે અમારી બુદ્ધિને એવી બનાવો કે, જેમાં લાઈન લગાડવી પડે અને મહામુશ્કેલીએ દર્શનનો લાભ મળે કેવળ એને જ મહત્વનું ન માનીએ પણ એને જેમ મહત્વનું માનીએ છીએ એમ, જે સફળતાથી મળી જાય પરંતુ જો તે અતિ કિંમતી હોય તો એની કિંમતને પણ બરાબર સમજીએ. બગાસું ખાતાં સાકરનો ગાંગડો મોંમાં આવી જાય તો એની કિંમતને પણ બરાબર સમજીએ કે આ સાકર જ છે; ઘણી બધી મહેનત કરીએ તોય સાકર મળતી નથી અને અત્યારે બગાસું ખાતાં જ સાકરનો ગાંગડો આવી ગયો છે ! ચાહે આગળનાં સત્કર્મોથી કે ચાહે ગુરુસંતોની કૃપાથી અમૂલ્ય વસ્તુ વિના મૂલ્યે મળી ગઈ તો પણ એની કિંમતને સમજીએ.

"મનુષ્યને જોઈએ શું ? મનુષ્ય જે કાંઈ કરે છે – તમામ પ્રવૃત્તિ – એ બધા પાછળનો ઉદ્દેશ્ય શું છે ? એને આનંદ જોઈએ છે. તો, આપણા જે બધા કાર્યક્રમો ગોઠવાયેલા છે એ બધા આનંદ માટે જ છે; એમાંથી આપણે આનંદની પ્રાપ્તિ કરવાની છે. ૐભૂપરિવારના જે આ સાત્ત્વિક–પવિત્ર કાર્યક્રમો ગોઠવાયેલા છે એમાં કેવો આનંદ પ્રાપ્ત થાય છે ? એવો આનંદ પ્રાપ્ત થાય છે કે જેની પ્રતિક્રિયા ઓછામાં ઓછો શોક છે, ઓછામાં ઓછું દુઃખ છે.

દરેક સુખની પ્રતિક્રિયા દુઃખ તો છે જ, દરેક આનંદની પ્રતિક્રિયા શોક તો છે જ, પણ દરેક સુખ અને આનંદના પ્રકારો જુદા જુદા છે. એક સુખ અને આનંદ એવાં છે કે પછી જે ઘણા લાંબા સમયનો શોક અને દુઃખ મૂકી જાય છે, તો કેટલાંક સુખ અને આનંદ એવાં છે કે એની દુઃખની પ્રતિક્રિયા અતિ અલ્પ થાય છે. સાત્ત્વિક–ધાર્મિક કાર્યક્રમોમાંથી આપણે જે આનંદ મેળવીએ છીએ એની પ્રતિક્રિયા ખૂબ ઓછી, અલ્પ હોય છે. સાચી સમજ આપણે શેને કહીએ છીએ ? એવા સુખને, એવા આનંદને પ્રાપ્ત કરીએ કે જેની પ્રતિક્રિયા દુઃખ–શોક ઓછામાં ઓછી થાય તેને. સિનેમા જોવા જઈએ તો પણ આનંદ છે, રાયપુરના ગોટા ખાવા જઈએ તો પણ આનંદ છે, કે લગ્નમાં જઈએ એ પણ આનંદ છે, યાત્રામાં જઈએ એ પણ આનંદ છે, મોટરગાડીમાં ફરીએ એ પણ આનંદ છે, મિત્રને સત્કારીએ કે એને ત્યાં જઈએ એ પણ આનંદ છે; આનંદ પ્રાપ્તિની પ્રવૃત્તિની ગણતરી કરવા બેસીએ તો એનો કાંઈ પાર આવે એમ નથી ! એકંદરે તમામ પ્રવૃત્તિ આપણે આનંદ ખાતર કરીએ છીએ. પરંતુ એ તમામ ભૌતિક સુખ–આનંદની પ્રતિક્રિયા દુઃખ–શોક છે. સાત્ત્વિક–આધ્યાત્મિક આનંદની પ્રતિક્રિયા જ અતિ અલ્પ છે. તો આમ, જો તમામ પ્રવૃત્તિ આપણે આનંદ ખાતર જ કરતા હોઈએ તો અલ્પ પ્રતિક્રિયાવાળી સાત્ત્વિક–આધ્યાત્મિક પ્રવૃત્તિ જ શા માટે ન કરીએ ? આને જ સાચી સમજ કહેવાય. આપણને આપણા નક્કી કરેલા આધ્યાત્મિક કાર્યક્રમોમાંથી આનંદ મળી જતો હોય તો એનાથી તૃપ્ત કેમ ન થઈએ, એને અતિ કીમતી કેમ ન સમજીએ ? અને એટલા માટે જ પરમાત્મા પાસે, ગુરુ–સંતો પાસે એ માગણી કરવાની છે કે તમે એવી કૃપા કરો કે આવા કાર્યક્રમોમાંથી જે આનંદની પ્રાપ્તિ થાય છે તેને અમે સમજીએ – તેની મહત્તાને, તેની કિંમતને, તેના મૂલ્યને અમે સમજીએ અને તેથી સંતોષ અનુભવીને તૃપ્ત થઈએ, તૃપ્ત રહીએ. અસ્તુ.

## જ્ઞાનદાન સર્વશ્રેષ્ઠ દાન છે

"આજનો કાર્યક્રમ અતિ સુંદર થયો છે. તેર મંદિરોમાં બધી ટુકડીઓ ઊભી હતી. એમણે સૌએ અનેક વ્યક્તિઓને આ (હાથમાંનું ચોપાનિયું ઊંચું કરીને) શુભેચ્છાનાં ચોપાનિયાં આપ્યાં. આપણાં બીજાં ચોપાનિયાં છે તે પણ વહેંચ્યાં. સૌ વાંચશે. સૌને જુદી જુદી અસર થશે. આ એક મોટો યજ્ઞ છે. જેમાં યજ્ઞકુંડ બનાવી ઘીની આહુતિ આપીએ છીએ એ પણ એક યજ્ઞ છે એમ આ પણ એક મોટો યજ્ઞ છે. યજ્ઞના ઘણા પ્રકારો છે, દાનના ઘણા પ્રકારો છે. મોટામાં મોટું દાન કોને કહેવામાં આવે છે ? જ્ઞાનદાનને. ત્યાર પછીનું અન્નદાન છે, ત્યાર પછી વસ્ત્રદાન છે અને ત્યાર પછી બધા દાનનો નંબર આવે છે. પણ પહેલા નંબરનું દાન એ જ્ઞાનદાન. જ્ઞાનની પ્રાપ્તિ, અજ્ઞાનમાંથી મુક્તિ – અજ્ઞાનમાંથી મુક્ત કરવા માટે આપણે જે કાંઈ પ્રયત્ન કરીએ એ પણ એક સર્વશ્રેષ્ઠ પ્રકારનું દાન છે.

"કોઈને જમાડીએ તો એ અન્ન અત્યારે જમાડ્યું તો સાંજે પાછી ભૂખ લાગી ગઈ. સાંજ સુધીમાં ખલાસ થઈ ગયું. કોઈને બે વસ્ત્ર આપ્યાં; ખલાસ થઈ ગયાં, ફાટી ગયાં. કોઈને થોડા રૂપિયા આપ્યા; એ રૂપિયા એણે વાપરી નાખ્યા, ખલાસ થઈ ગયા. અને વળી એ રૂપિયા એણે ક્યાં વાપર્યા ? કોને ખબર છે ? તમે તો એના ભલા માટે આપ્યા'તા પણ એણે તો એનું ભલું ન થાય એવી જગ્યાએ વાપર્યા ! તેથી કહ્યું કે વસ્ત્રદાનથી અન્નદાન ઊંચું. અન્નદાન કેવું છે ? આપણી સામે જ એ જમ્યા. એ કોણ હતા, કેવા હતા, પાપી હતા, પુણ્યશાળી હતા, આ જ્ઞાતિના હતા, તે જાતના હતા, એ સાથે આપણે કાંઈ નિસ્બત નહીં. એ આત્મા હતો; એ ભૂખ્યો હતો; એને અન્ન આપ્યું. અને જે અન્ન આપ્યું એ અન્ન આપણી સામે બેસીને જ એ જમી ગયા, એ તૃપ્ત થઈ ગયા, આપણે આપણી નજરે જોયું. એ તૃપ્તિનો એને જે આનંદ થયો તે જોઈને આપણને પણ આનંદ થયો.

"તો આમ, વસ્ત્રદાન કરતાં અન્નદાન અને અન્નદાન કરતાં જ્ઞાનદાન વધુ શ્રેષ્ઠ છે, સર્વશ્રેષ્ઠ છે. અજ્ઞાનમાંથી મુક્તિ, જ્ઞાનની પ્રાપ્તિ, સાચી સમજણની પ્રાપ્તિ એ એક દિવસ, એક મહિનો કે એક વર્ષ નહીં પણ જન્મોજન્મ સુધી ચાલે. જેમ બેંકોની અમુક અમુક એવી યોજનાઓ હોય છે કે જેમાં પૈસા ભરી દઈએ એટલે ઘણા લાંબા સમય સુધી એનો લાભ મળે. એમ આ એવી યોજના છે — જ્ઞાનદાનની. પછી જ્ઞાનદાન કઈ રીતે કરવું એ સૌની પોતપોતાની પદ્ધતિ, પોતપોતાની સ્થિતિ, પોતપોતાની રુચિ, પોતપોતાની સગવડ ઉપર આધારિત છે. અસ્તુ.

"દિનેશ હૉલમાં એક મહિનાથી અષ્ટાવક્ર ગીતા ઉપર બહુ સુંદર પ્રવચનો થઈ રહ્યાં છે. એનું નામ ગીતાજ્ઞાનદાન યજ્ઞ એમ આપ્યું છે. ત્યાં આપણા સ્વયંસેવકો પણ જાય છે અને દર બીજે–ત્રીજે દિવસે એક નવું પેમ્ફ્લેટ આપે છે, જ્ઞાન વિષેનું. જેમ સેતુબંધ બંધાતો હતો ત્યારે મોટા મોટા વાનરો મોટા મોટા પર્વતો લાવીને પુલમાં નાખતા'તા; પરંતુ એક ખિસકોલીએ પણ પોતાની શક્તિ–ભક્તિ અનુસાર બે–ચાર કાંકરા એમાં મૂક્યા તો એથી પણ રામ ખુશ થયા. કહેવાનો મતલબ એ કે ત્યાં જે જ્ઞાનયજ્ઞ ચાલી રહ્યો છે તેમાં આપણે પણ આહુતિ આપી રહ્યા છીએ. ઘણા ખરાને તો ઊંચી વાતો નથી સમજાતી તે આપણાં પેમ્ફ્લેટ વાંચીને કહી જાય છે કે એમાંનું સાહિત્ય તો અદ્વિતીય–અલૌકિક છે. કોઈને આમાં સમજણ પડે ને કોઈને તેમાં સમજણ પડે પણ એ બધું છે શું ? જ્ઞાનદાનનો પ્રકાર. જે કાંઈ પુસ્તકો છપાવીએ છીએ, જે કાંઈ સાહિત્ય છપાવીએ છીએ, અમુક સાહિત્યના પૈસા લઈએ છીએ, અમુક સાહિત્ય વિના મૂલ્યે વહેંચીએ છીએ; આ રોજે રોજ બે હજાર પેમ્ફ્લેટ છપાવીએ છીએ તેના જે કાંઈ પૈસા થતા હશે તે તો થતા જ હશે એક મહિનાનો કાર્યક્રમ ! કેટલા પૈસા એમાં થતા હશે ! મને કાંઈ ખબર છે નહીં, કરનારાઓ કરે છે, મારી પાસે તો સ્વીકૃતિ લેવા આવે છે કે લખાણ લેવા આવે છે; બાકી એ પૈસા ક્યાંથી આવે છે, ને ક્યાં છપાવે છે, ને કોણ પ્રૂફ જુએ છે; એ કાંઈ ઓછી ખટખટ છે ? એ પ્રૂફ જોવામાં બરાબર કાળજી ન રાખીએ તો અર્થનો અનર્થ થઈ જાય, અનર્થનો અર્થ થઈ જાય. એટલે એ પણ બધી કાળજી રાખવી પડે છે અને છતાંય એ બધું થયા કરે છે. તો, એ એક મહિનાનો કાર્યક્રમ ખૂબ સુંદર થઈ રહ્યો છે. અને આ પણ એક ખૂબ સુંદર કાર્યક્રમ થયો અને ભગવાનની દયાથી પૂર્ણ થઈ ગયો–સહીસલામત રીતે, શાંતિથી, સંતોષથી, તૃપ્તિથી.

"આવા જાહેર કાર્યક્રમોમાં હું તમને જલદીથી રજા નથી આપતો કારણ કે એમાં ખૂબ તૈયાર થવું જોઈએ; જાહેરમાં ઊભા રહીએ, અનેક પ્રકારના માણસો આવે, અનેક પ્રકારની દલીલો કરે, અનેક પ્રકારના તર્કો કરે. કોઈ ખરેખર જાણવા માટે જ આવ્યા હોય અને કોઈ ખરેખર શાસ્ત્રાર્થ કરવા માટે આવ્યા હોય, તો કોઈ લડવા માટે આવ્યા હોય; એ બધા સાથે કઈ રીતે વર્તવું અને શાંતિપૂર્વક આપણું કામ કેવી રીતે પતાવવું એની પણ એક તાલીમ હોય છે, એની પણ એક વિશેષતા હોય છે. એ વિશેષતા સૌએ પ્રાપ્ત કરવી જોઈએ. અને થોડી થોડી વિશેષતા તમે પ્રાપ્ત કરી છે. આ એક અખતરો હતો કે તમે પણ તૈયાર થાઓ.

## અમે એકલા ક્યારે કરી શકીશું ?

"અમે ઇન્દોરથી આવતા'તા ત્યારે રસ્તામાં આપણે ઉમરેઠમાં તૈયાર કરી છે એ કેસેટ વાગતી'તી. અમારી સાથે ઘણા ભક્તો હતા તેમાંના એક ભાઈએ એ કેસેટનાં ખૂબ વખાણ કર્યાં. તેમણે કહ્યું કે લોકો પચાસ–પચાસ હજાર રૂપિયા ખર્ચે છે તોય આવી કેસેટ નથી થતી. એ ભાઈ પણ અનુભવી છે, ઘણાં બધા સંગીતવિશેષજ્ઞોને સાંભળ્યા છે, ઘણી બધી કેસેટો સાંભળી છે. એમને આપણી કેસેટ સુંદર લાગી તેથી વખાણ કર્યાં. એ વખાણ આપણા નૈષધભાઈએ સાંભળ્યાં. અમે નૈષધભાઈ (ઋતમ્ભરાના માનદ્ તંત્રી)–ને પૂછ્યું કે ભાઈ, તમે સાંભળ્યું ? એટલે નૈષધભાઈ તો ખૂબ ઉત્સાહમાં આવી ગયા અને કહે કે,

'બાપુ, હવે મારે ઉમરેઠ જવું છે અને કેસેટનો બાકી રહેલો બીજો ભાગ ટેપ કરી દેવો છે.' બે–ચાર વખત આ વાત એમણે કરી કે જવું છે, જવું છે; પણ એમણે એમ ના કહ્યું કે બાપુ, આપણે જવું છે એ તો એમ જ કહેતા રહ્યા કે 'મારે જવું છે.' મેં કહ્યું, પણ મારું શું ? તમારી વાતમાં એમ તો આવતું જ નથી કે બાપુ, આપણે જઈશું. તમારે એકલા જવું છે ? તો, એમણે થોડી દલીલો કરી. એમની સાથે મેં દલીલો કરી તો પાછી એમણે સામે દલીલો કરી. હવે એમની પાસે શબ્દભંડોળ ખૂબ વધતું જાય છે. (સાવધાન કરવા) શબ્દભંડોળ વધતું જાય એ દલીલો ખૂબ કરી શકે એટલે બેચાર વખત એમણે સામી દલીલો કરી. આ જોઈને ગીતાબહેન જે એમની પાછળની સીટમાં જ બેઠાં'તાં એ ખડખડાટ હસી પડ્યાં. એમને એમ થયું કે બાપુ આમ કહે છે તો પેલો આમ કહે છે. અમે કીધું કે ભાઈ, ઝટ લઈને એમ બોલને કે 'હા, તમને લઈ જઈશું'' એટલે ઝટ લઈને પતી જાય. આ તો નૈષધભાઈનું નિમિત્ત ઊભું કર્યું, વાત ચલાવવા માટે.

"દિનેશ હૉલમાં જવાની શરૂઆત ડૉ. સદ્ગુરુ સમર્પણભિક્ષુજીથી થઈ. ત્યારબાદ આપણા થોડા સ્વયંસેવકો જવા લાગ્યા. ત્યાં સવારે સાત વાગ્યે પ્રવચન શરૂ થાય છે અને સવારના સાડાચાર વાગ્યાથી હૉલ ભરાઈ જાય છે; એટલે આપણા માણસોએ ત્યાં પાંચ વાગ્યે પહોંચી જવું જોઈએ. થોડા દિવસ પછી મેં પૂછ્યું કે કેમ ડૉક્ટર સાહેબ કાલે ગયા હતા ? શું સમાચાર છે ત્યાંના ? આપણાં નવાં પૅમ્ફલેટ ત્યાં વહેંચ્યાં હતાં ? તેમણે કહ્યું, 'બાપુ, આજે મારાથી ઉઠાયું નહીં તેથી હું નથી જઈ શક્યો.' મેં કીધું, સારુ, કાલે વહેંચજો. પછી બીજે દિવસે ફોન કર્યો કે ડૉક્ટર સાહેબ ગયા'તા ? તો તે કહે, 'બાપુ ! મને કોઈએ જગાડ્યો જ નહીં !'

"આ કોઈ એક નિમિત્ત ઊભું કરી હું વાતને ચલાવી રહ્યો છું, તેનું દૃષ્ટાંત આપી રહ્યો છું કે વાત ચલાવવા ગમે તે નિમિત્ત ઊભું કરું પણ તેની પાછળ જ્ઞાનની વાતો ચલાવવાની છે અને એ જ્ઞાનની વાતોને આપણે સમજવાની છે. 'મને કોઈએ જગાડ્યો નહીં'' એ વાક્ય મેં તરત મારી ડાયરીમાં લખી નાખ્યું. હવે એની ઉપર આખી કથા થઈ રહી છે. અસ્તુ.

"નૈષધભાઈની વાત ચાલતી હતી તેમાં નૈષધ–ભાઈએ છેલ્લે શું કહ્યું ? અમારી સામે દલીલો કર્યા બાદ નૈષધભાઈએ છેલ્લે કહ્યું કે, 'તો પછી અમે એકલા ક્યારે કરી શકીશું ?' અને મારી ડાયરીમાં મેં લખી નાખ્યું કે 'તો પછી અમે એકલા ક્યારે કરી શકીશું ?' નૈષધભાઈએ ઉપરનું વાક્ય કહ્યું અને હું અંદર (ચિંતન–મનનમાં) ઊતરી ગયો.

"તો પછી અમે એકલા ક્યારે કરી શકીશું ? શું ? શું કરી શકશો ? કુસ્તી, બાથંબાથી, શાસ્ત્રાર્થ, શસ્ત્રાર્થ ? એકલા તો ઘણું બધું થાય. હું એમ ઇચ્છું જ છું કે તમે એકલા કરી શકો. ઈન્દોરમાં મારો ઉતારો જુદો હતો, એમનો (સાથે આવેલા ભક્તોનો) ઉતારો જુદો હતો. એ ટુકડીને અલગ જ રાખી હતી. ધીમે ધીમે તમને સૌને એકલા મૂકવા જ જોઈએ. તમે કેટલી તાલીમ લીધી છે ? તમે જ્ઞાનને કેટલું પચાવ્યું છે ? બાપુની હાજરી ન હોય ત્યારે તમે અંદરોઅંદર વધુ મનમેળ કરી શકો છો કે વધુ મનદુઃખ કરી શકો છો ? એકલા શું કરવાનું છે ? એકલા મનદુઃખ કરવાનું છે ? ના, એકલા (એટલે કે બાપુની હાજરી ન હોય ત્યારે પણ સૌએ મળીને) આનંદ કરવાનો છે. આનંદ કરતા કરતા પણ એ ધ્યાન રાખવાનું છે કે સામા માણસને ખોટું ન લાગે એવો આનંદ કરીએ. અને સામો માણસ એ સતત કાળજી રાખે કે મારો ભેરુ ગમે તે પ્રકારનું બોલશે તો પણ એનું તો મને ખોટું લાગવાનું જ નથી; અને હું તો ખોટું લાગે એવું બોલવાનો જ નથી. આ બહુ મુદ્દાની વાત છે, જીવનમાં સુખી થવાની વાત છે. તો, તમારે સૌએ એકલા જ બધું કરવાનું છે પણ તમે અમને એ વિશ્વાસ કરાવી દો કે તમે એકલા બરાબર કરી શકો છો."

પૂજ્યશ્રીના પ્રવચન બાદ સૌએ ભાવપૂર્વક એકાગ્ર થઈને સ્વાધ્યાય કર્યો. સ્વાધ્યાય બાદ પૂજ્યશ્રીએ 'સર્વજીવ શુભેચ્છા દિવસ'ના ચોપાનિયામાંનું લખાણ સ્વમુખે વાંચી સંભળાવ્યું. વાંચન બાદ ફરી એક વખત પૂજ્યશ્રીની વાણીગંગા વહેવા લાગી :

"આ તમારો પહેલો જ જાહેર કાર્યક્રમ છે જેમાં તાલીમ લઈને તમે તૈયાર થયા છો. આમાં પણ કેવો અલૌકિક આનંદ મળે છે તેની તમને ખબર પડી. ખાવાપીવાનો, હરવા-ફરવાનો, મોજમજાનો અને વિષયોનો જે આનંદ છે એ આનંદ ક્યાં અને આજે તમે જે આનંદ લીધો તે આનંદ ક્યાં !? એ આનંદની તુલનામાં બીજા બધા વિષયાનંદો તુચ્છાતિતુચ્છ છે. પરંતુ લૌકિક અને અલૌકિક આનંદ ક્યાં છે, કેવા છે તેના માટે પણ એક દૃષ્ટિની જરૂર હોય છે. એ દૃષ્ટિ ન કેળવાય ત્યાં સુધી અતિ ક્ષુદ્ર આનંદોમાં જ મન રાચ્યા કરે છે. જેમ પેલું ભુંડ અને ભુંડણ અતિ પ્રજા ઉત્પન્ન કરી અને અતિ ગંદકીમાં જ સડ્યા કરે છે; સારી જગ્યાઓ બધી છોડીને ગંદકીમાં જ આળોટ્યા કરે છે.

"મો સમ કૌન કુટીલ ખલ કામી ? સુરદાસ શું કહે છે ? 'મો સમ...'; બીજાને નથી કહેતા, પોતાને જ કહે છે; એ સંતોની વિશેષતા છે.

મો સમ કૌન કુટીલ ખલ કામી ?
જાકી તનુ દિયો તાકી વિસરાયો
ઐસો નમક હરામી.

"પછી એક કડીમાં શું કહે છે ? 'જૈસો સુકર ગ્રામી, મો સમ કૌન કુટીલ ખલ કામી. હું કેવો કુટીલ, મૂર્ખ અને કામી – વાસનાથી ભરપૂર છું. પછી કોની સાથે સરખામણી કરે છે ? જૈસો સુકર ગ્રામી. સુકર એટલે ભુંડ. ભુંડને વધુમાં વધુ કામી કહેવામાં આવે છે. પરંતુ અહીં તો ફક્ત ભુંડ નહીં, સુકર ગ્રામી – એ ભુંડ શહેરનો તો નહીં પણ પાછો ગામડાનો. સુરદાસ કહે છે કે હું તો ગામડાના ભુંડ જેવો છું; જેણે આ તન આપ્યું તેનેય મેં તો વિસારી દીધો અને ગામડાના ભુંડની જેમ રખડતો ને આખડતો ને ગટરોમાં-છાણમાં-પેશાબમાં શરીરને રગદોળતો રહ્યો. હાડ, ચામડાં બહુ બહુ ચૂસ્યાં, ચાખ્યો જી મધ મીઠું; બહુ દિવસથી ખોળું હું તમને, આજે મૂખડું દીઠું.

"નાના છોકરાને આ કવિતા ભણવાની આવતી પણ એમાંથી બોધ લેવો હોય તો કેવો સુંદર છે ! મધપૂડાનું વન હતું એ – વિષયોનો આનંદ કેવો છે ? મધપૂડાનું વન હતું એ, નહીં માખીનો પાર; બટકું પૂડો ખાવા જતાં વળગી લાળોલાળ – રૂંવાડે રૂંવાડે માખીઓ વળગી. વિષયોનો આનંદ લેવા તો ગયા, એક બટકું પૂડો મધ ખાવા તો ગયા પણ એ મધ ખવાયું કે ન ખવાયું તેની ખબર તો ના રહી, એ હાથમાં આવ્યું કે નહીં પણ મધમાખીઓ તો તૂટી જ પડી, રૂંવાડે-રૂંવાડે ડંખી. એ ખબર જ ન રહી કે થોડા મધની લાલચમાં ભયંકર ઝેરી મધમાખોના સ્થાનમાં માથું ઘાલી રહ્યો છું !

"તો, વિષયોનો આનંદ તો રોજ લઈએ છીએ પણ આજે જે આનંદ લીધો એ કેવો છે ? સાત્ત્વિક આનંદ. અને એ આનંદને સમજવા માટે એક દૃષ્ટિ જોઈએ. એટલા માટે ભગવાન પાસે, ગુરુસંતો પાસે આપણે માંગણી કરીએ છીએ કે જે સુખ અમને મળે છે એને અમે સમજીએ, બસ એટલી કૃપા કરો. એ સમજાઈ ગયું પછી તો ક્યાં દોડાદોડ કરવાની છે ? આ ગટર છે, આ છાણ-માટી છે, પેશાબ છે, આ વિષ્ટા છે એમ ખબર પડી ગઈ પછી એ ખાડામાં આપણે પડવાના હતા ? કદી ન પડીએ. અત્યારે દોડીને એમાં પડીએ છીએ પણ પછી તો કોઈ ધક્કો મારશે તોય એમાં નહીં પડીએ. પછી તો ગુલાબના ફૂલ પાસે જવાના, કપૂર પાસે જવાના, ઘી પાસે જવાના, ઔષધિઓ પાસે જવાના, અમૃત પાસે જવાના. આ જે કાર્યક્રમો ગોઠવાય છે તે આપણને 'સુગંધ' પાસે લઈ જાય છે; અત્યારે તો સુગંધની થોડી થોડી સમજણ

આપવી પડે છે પણ એક કાળ એવો આવશે કે પછી મારે તેની સમજણ નહીં આપવી પડે, તમે પોતે જ સમજી જશો અને બીજાને – તમારા કુટુંબને, તમારા ઘરનાંને, તમારા મિત્રોને, તમારા સમાજને, તમારી દુનિયાને, તમારા લોકને સુગંધ વિષે અને તેના તરફ જવા માટે – સમજાવશો. ભગવાનની ઈચ્છા હશે ત્યારે ફરીને આવો કાર્યક્રમ ગોઠવીશું.

"આજે પણ નથી બોલવું, નથી બોલવું કરતાં ખૂબ બોલાઈ ગયું. હર વખતે તમને ખૂબ ખૂબ સાંભળવા મળે છે ને આજેય ખૂબ સાંભળવા મળ્યું છે. એ તમારા જીવનમાં ઉતારજો. સહનશક્તિ કેમ કેળવાય? સાચા જ્ઞાનની પ્રાપ્તિ કેમ થાય ? ગુરુ–સંતચરણોમાં કેમ રહેવું જોઈએ ? સહનશક્તિ કેવી હોવી જોઇએ ? જે કાંઈ સત્કર્મ કરીએ એની ડાબા હાથની જમણા હાથને અને જમણા હાથની ડાબા હાથને ખબર ન પડે, તો પછી અંદરોઅંદર આપણે એકબીજાને મોટા કે નાના કેમ સમજીએ ? એકબીજાથી ખોટી હરીફાઈ થાય જ કેમ ? હરીફાઇ એવી લાગેલી રહે કે મારા સાથીઓને હું દુ:ખી કેમ ન કરું અને તેઓ મને બલેને વધુમાં વધુ દુ:ખી કરે. આ બધી વાતો યુક્તિ-પ્રયુક્તિપૂર્વક જુદાં જુદાં દૃષ્ટાંતો દ્વારા આપણે સમજાવવાનો પ્રયત્ન કર્યો.

"તો, ફરીફરીને આપણે ઓમ્‌પરમાત્મા પાસે માગણી કરીએ કે તમે આવી કૃપા કરો કે તમારી કૃપાનો જે વરસાદ વરસી રહ્યો છે, અમે સતત સુખમાં છીએ એનો અમને અનુભવ થાય, તમે જે કાંઈ આપ્યું છે એમાં અમે તૃપ્ત થઈ જઇએ. અમને એમ ન રહે કે હજી મને નથી મળ્યું, હજી મને બાકી છે, હવે મને સુખ ક્યારે મળશે ? સુખ તો મળેલું જ છે; એની અનુભૂતિ નથી થતી આપણા અજ્ઞાનના કારણે, આપણી ચિત્તવૃત્તિનો નિરોધ નહીં હોવાના કારણે."

પૂજ્યશ્રીનું ઉપરોક્ત પ્રવચન પત્યું એટલે પ્રસાદ (ભોજન)ની તૈયારી થવા લાગી. પ્રસાદ લીધા બાદ દરેક કેન્દ્રના સ્વયંસેવકોએ પોતાના આજના અનુભવો કહ્યા જેમાંથી એક તારણ કાઢી શકાય તેમ હતું કે સૌએ ખૂબ આનંદ માણ્યો હતો અને બહોળા જન-સમાજને પણ સારું સાહિત્ય વાંચ્યાનો આનંદ હતો. કાર્યક્રમ પત્યા બાદ સૌ ગુરુભાઈ–બહેનો છૂટાં પડયાં. હું પણ સૌથી છૂટો પડી ઘર તરફ પ્રયાણ કરતો હતો પરંતુ મન તો પેલાં વાક્યોમાં જ રમમાણ હતું.

– જાણે મહામંત્ર સાંપડયો હતો –

(૧) બીજા જીવોને સુખી કરવાથી સુખી થવાય છે.
(૨) બીજા જીવોને દુ:ખી કરવાથી દુ:ખી થવાય છે.
(૩) બીજાઓને સન્માન આપવાથી સન્માન પમાય છે.
(૪) બીજાઓ તરફ ઈર્ષા કરવાથી ઈર્ષા મળે છે.
(૫) બીજાઓ ઉપર ક્રોધ કરવાથી ક્રોધ મળે છે.
(૬) બીજાઓનો તિરસ્કાર કરવાથી તિરસ્કાર મળે છે.
(૭) બીજાઓ માટે શુભેચ્છા રાખવાથી શુભેચ્છાઓ મળે છે.

---

"શુચિ રહો ને નિયતિ હસો;
સુરુચિમયી અભિરુચિ હજો;
સર્વ જીવહિત ઉર મધ્ય વસો;
તવ જીવન યજ્ઞ સફળ થજો."
॥ ૧૧ ॥

"એકત્વમાંથી બહુત્વ અને બહુત્વ-માંથી એકત્વની ક્રિયાનું સાતત્ય એનું નામ વિશ્વ." ॥ ૧૨ ॥

એના લોભને થોભ નહીં ને
લોભ ઉતારે એને જંગમાં રે;
અભય માણસથી ડરી ડરી
ચાલે સભયને રાખે સંગમાં રે.
॥ ૧૩ ॥

# અમેરિકાનાં સંસ્મરણો

[ શ્રી યોગભિક્ષુજી દ્વારા અમેરિકન યોગી શ્રી નારાયણ અવધૂતને લખાયેલા પત્રોના પ્રેરણાદાયી અંશો ]

– યોગભિક્ષુ

મહાત્માઓ નિરાભિમાની જ હોય છે. નિરાભિમાનીપણાના કારણે જ તેઓ એક પછી એક આધ્યાત્મિક શિખરોને સર કરી લે છે. અમારું પણ એક સૂત્ર છે કે **"દુનિયાની કોઈ તાકાત લઘુને ગુરુ બનતાં રોકી નહીં શકે; લઘુ, ગુરુ બનીને જ રહેશે."**

હું યોગી નથી પણ યોગભિક્ષુ છું. તેથી મને ભૂત–ભવિષ્યનું કાંઈ જ્ઞાન નથી, હું તો વર્તમાનની ભૂમિ ઉપર નક્કરપણે–ચોક્કસપણે સ્થિર રહેવા માગું છું. બાકી સાચા યોગીઓ માટે એ બધું સ્વાભાવિક છે. તે માટે યોગસૂત્ર છે કે – "પરિણામ ત્રયસંયમાત્ અતીતઅનાગત જ્ઞાનમ્" (અર્થ: ત્રણે પરિણામોમાં સંયમ કરવાથી ભૂત–ભવિષ્યનું જ્ઞાન થાય છે.) આ સૂત્રને અમે આ રીતે સમજાવીએ છીએ –

ભવિષ્યકાળમાં રહેલું આખું સ્થૂળ વૃક્ષ, અતિ સૂક્ષ્મ સ્વરૂપે–બીજરૂપે વર્તમાનકાળમાં હાજર છે. તેથી વર્તમાનકાળમાં રહેલા બી પરથી ભવિષ્યકાળમાં ઊગનારા પૂરા વૃક્ષની ખબર પડી જાય છે. તેમ, **દરેકનાં ભૂત–ભવિષ્યનાં બી વર્તમાનમાં પડેલાં હોય છે; તે પરથી યોગીજનો ભૂત–ભવિષ્યને જાણી લેતા હોય છે. પરંતુ તે બધું પુરુષ–પ્રાપ્તિમાં–સ્વરૂપપ્રાપ્તિમાં વિઘ્ન છે.**

હા, એટલું જરૂર કહું કે 'વિશ્વશાંતિનું યોગરહસ્ય' મારે પૂરા વિશ્વને જણાવવું છે. વિશ્વશાંતિનો સફળ સંદેશ જે "મૈત્રી" પુસ્તિકારૂપે છે તેને વિશ્વના શાંતિ-પ્રતિનિધિઓ સુધી પહોંચાડવો છે. (નોંધ : આ સંદેશ હમણાં પ્રગટ થયેલી પુસ્તિકા 'નિર્ઝર ઝર્યું કો ગેબથી" –માં પણ પ્રભાવી પદ્ધતિએ પ્રગટ કરવામાં આવ્યો છે) આ મારી ઇચ્છા તે આપની જ ઇચ્છા છે. તે "મૈત્રી" પુસ્તિકાનું મેં હિન્દીમાં રૂપાંતર કર્યું છે. તે પરથી તેનો એવો અંગ્રેજી અનુવાદ થવો જોઈએ કે તે અમેરિકાના લોકો પણ સમજી શકે. આ અને આવી લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓ સતત ત્યારે જ થઈ શકે કે જ્યારે તે માટે અલગ આશ્રમ હોય અને અહીં (અમેરિકા)ના યોગ્ય આધ્યાત્મિક મહાપુરુષોનો સંપૂર્ણ સાથ–સહકાર હોય.

માનવજાત માટેના કપરા કાળમાં આપણે કામ કરવાનું છે. તેથી જે જે યોગ્ય આત્માઓની મદદની જરૂર પડશે તેમની મદદ જરૂર લઈશું. ગુરુદેવ દત્તાત્રેયે પણ ચોવીસ ગુરુઓ કર્યા હતા તો આપણે તો તુલનામાં અતિ તુચ્છ છીએ.'

"મારા ગુરુદેવ" નામનું એક નાનું પુસ્તક છે. તેમાં મને ગિરનારમાં થયેલા અનુભવોમાંનો એક અનુભવ લખાયો છે. તેનું અંગ્રેજી કરાવીને હું આપને અનુકૂળતાએ મોકલીશ. હું ધારું છું કે તે વાંચીને આપને ખૂબ આનંદ થશે.

વૈશેષિક, મીમાંસા, ન્યાય, વેદાંત, સાંખ્ય અને યોગ એ છયે દર્શનો ભિન્ન ભિન્ન રીતે આત્યંતિક સુખ આપવાની યુક્તિઓ–પ્રયુક્તિઓ આપણને ભેટ ધરે છે તેથી છયે દર્શનોમાં એકતા છે. આ રીતે જાણવું એ પણ "યોગઃ કર્મસુ કૌશલમ્" છે. આ વિષય તપ અને સાધનાનો છે; વાદવિવાદનો નથી, તે આપ મહાનુભાવ સારી રીતે જાણો છો.

દ્વૈતમાં, અદ્વૈતમાં, દ્વૈતાદ્વૈતમાં, વિશિષ્ટાદ્વૈતમાં, કેવલાદ્વૈતમાં, ત્રૈતમાં કે જેમાં આપ માનતા હો તેમાં હું આપની સાથે સંમત છું. કારણ કે આ બધા જ મતોનો પ્રતિપાદ્ય વિષય છે — હેય, હેયહેતુ, હાન અને હાનોપાય.

માનવજાતિના કપરા કાળમાં સર્વે માનવહિત-રક્ષકોએ ભેગા મળીને કાંઈક કરવું જોઈએ તેમ આપને નથી લાગતું ?

ગણપતિ એટલે રિદ્ધિ અને સિદ્ધિ (ભૌતિક અને દિવ્ય સંપત્તિ)નું દાન કરનારા અને જેમને શુદ્ધિ અને બુદ્ધિરૂપી બે પત્નીઓ છે તે.

બધા જ દેશોમાં વત્તાઓછા પ્રમાણમાં જાગૃત આત્માઓ છે જ. જેના માટે જે દેશ, જેટલા સમય માટે, કાર્યક્ષેત્ર તરીકે પરમગુરુ ઓમ્નારાયણ દ્વારા નક્કી થયો હોય છે તે પ્રમાણે તેણે ત્યાં કાર્ય કરવું પડે છે. **આપણા સૌ ઉપર ઓમનારાયણના આશિષ ઊતરો કે જેથી તેમના દ્વારા મળેલી આશિષનો આપણે અનુભવ કરી શકીએ.**

**સર્વ વાસનાઓનું અને વિકારોનું અવધૂનન કરી નાખનારાને "અવધૂત" કહેવામાં આવે છે** ગુરુ દત્તાત્રેય વિષે જે કહેવામાં આવ્યું છે કે "અદષ્ટલિંગો" તેમાં જબરદસ્ત ગુપ્ત-ગુહ્ય રહસ્ય સમાયેલું છે.

આપના ઉમળકાભર્યાં અનેક આમંત્રણો, છતાંય હું આપને ન મળી શક્યો તેનું મને દુઃખ છે. તે માટે મને માફ કરશો. આપ તેનું દુઃખ લગાડશો નહીં. તેમાં પણ પરમગુરુનું કાંઈક રહસ્ય હશે. આપની તથા આ દેશ (અમેરિકા)ની પ્રેમયુક્ત મીઠી યાદ સાથે હું આપની "આધ્યાત્મિક માતૃભૂમિ", ભારત જઈશ; સ્થૂળ રીતે આપનાથી ઘણે દૂર.

**ઘણીવાર એવું બનતું હોય છે કે પોતાના મગજમાં ઊઠતા તુક્કાઓને પોતે આત્માની પ્રેરણા સમજે છે અને બીજાની આત્મપ્રેરણાને તેના મગજના તુક્કા સમજે છે.** આ આપની વાત સાચી છે. આ બધું માનવસ્વભાવસહજ છે.

---

## : ધજા-આરોહણ-મહોત્સવ : તથા : ભિક્ષુ-બોધ-ઉત્સવ :

સદ્ધર્મપ્રેમશ્રી,

જણાવતા આનંદ થાય છે કે પરમગુરુ ઓમ્પરમાત્માની કૃપાથી અને પૂ. ગુરુદેવ શ્રી **યોગભિક્ષુજી**ની નિશ્રામાં "ગાયત્રી સાધના શિબિર"ની સ્મૃતિ નિમિત્તે ૯મો ધજાઆરોહણ મહોત્સવ તા.૨૭-૧૨-૮૭ને રવિવાર સવારે ૯-૦૦થી ૧-૦૦ ઉજવવાનું નિર્ધારેલ છે. સાથે-

શ્રી ગુરુપ્રેમભિક્ષુજી (હાલ અમેરિકા), શ્રી ડૉ. સદ્ગુરુ સમર્પણભિક્ષુજી તથા શ્રી ગુરુધ્યાનભિક્ષુજીનો "નામકરણ દિવસ"અર્થાત્ "ભિક્ષુબોધોત્સવ" પણ ઉજવાશે.

આ પુનિત કાર્યક્રમનો લાભ લેવાનું સૌને હાર્દિક આમંત્રણ છે.

નિમંત્રક :— સર્વે ગુરુપ્રેમીઓના જય ઓમ્ ગુરુદેવ

સ્થળ : નિર્વિકલ્પ મુક્તિધામ પટેલ નાથાભાઈ અમથાભાઈના ખેતરમાં
મુ. પો. પલિયડ (વિડા) તા. કલોલ જી. મહેસાણા (ઉ. ગુ.)

॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

# ઓમ્ પરિવારના ઉત્સવો

(તા. ૧-૧-૮૮થી ૩૧-૧૨-૮૮)

| અ. નં. | તારીખ-વાર-સમય | પ્રસંગ | સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૨૧-૨-૮૮ રવિવાર<br>સવારે ૯ થી ૧ | સ્વાધ્યાય-સત્સંગ-મિલન<br>શિવરાત્રી નિમિત્તે | કોટીયાર્ક મંદિર<br>મહુડી |
| ૨ | ૩-૪-૮૮ રવિવાર<br>સાંજે ૫ થી ૭ | સ્વાધ્યાય-સત્સંગ-મિલન<br>હનુમાન જયંતી નિમિત્તે | દેસાઈની પોળ, રાયપુર,<br>અમદાવાદ |
| ૩ | ૨૯-૭-૮૮ શુક્રવાર<br>સવારે ૭ થી બપોરે ૨ | ગુરુપૂર્ણિમા | ઈચ્છાબેનની વાડી, પુષ્પકુંજ<br>પાસે, કાંકરિયા, મણીનગર |
| ૪ | ૪-૧૧-૮૮ શુક્રવાર<br>સાંજે ૪ થી ૭ | ઓમ્ ગુરુદેવ જયંતિ | ધર્મમેઘ<br>મણીનગર |
| ૫ | ૧૦-૧૧-૮૮ ગુરુવાર<br>સવારે ૭ થી ૮-૩૦ | બેસતું વર્ષ<br>(સ્વાધ્યાય) | ધર્મમેઘ<br>મણીનગર |
| ૬ | ૩૦-૧૧-૮૮ રવિવાર<br>સવારે ૯ થી ૧ | સ્વાધ્યાય-સત્સંગ-મિલન<br>દેવદીવાળી નિમિત્તે | મુ. ગોવિંદપુરા<br>તા. કડી, જી. મહેસાણા |
| ૭ | ૨૫-૧૨-૮૮ રવિવાર<br>સવારે ૯ થી ૧ | ધ્વજારોહણ મહોત્સવ<br>તથા ભિક્ષુ બોધોત્સવ<br>શ્રી ગાયત્રી અનુષ્ઠાન<br>સાધના શિબિર નિમિત્તે | નિર્વિકલ્પ મુક્તિધામ<br>મુ.પો. પલિયડ (વેડા)<br>તા. કલોલ, જી. મહેસાણા |

ઓમ્ પરમાત્માની કૃપાથી ઉપરોક્ત ઉત્સવો આધ્યાત્મિક સ્મૃતિની જાગૃતિની અને આધ્યાત્મિક સંગઠનની ભાવનાથી, ઉજવવાનો યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવે છે. છતાંય જિજ્ઞાસુઓએ દસ દિવસ અગાઉ જાણકારી મેળવી લેવી. અમદાવાદથી બહાર ઉજવાતા ઉત્સવો માટે લગભગ લકઝરી કે બસની વ્યવસ્થા કરવામાં આવે છે, તો જે તે સમયે નક્કી થયેલ ભાડાના પૈસા ભરીને ટિકિટ દસ દિવસ પહેલાં મેળવી લેવી.

વ્યવસ્થાપક સમિતિ વતી — ડૉ. સ. સ. ભિક્ષુના જય ઓમ્ ગુરુદેવ.

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :**
**ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ**
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રત્નાપાર્કની પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.
(રજિ. નં. ઈ/૪૪૧૬ તા. ૧૧-૫-૮૧)
આઈ.ટી.ઈ.યુ. ૮૦-જી નં. એચ. ક્યુ. iii
૩૩-૪૩/૮૬-૮૭ માર્ચ ૧૯૮૯ સુધી

**આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા** : પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

**ચેરમેન** : શ્રી ભરતભાઈ દેસાઈ

**જનરલ સેક્રેટરી** : શ્રી વજુભાઈ પટેલ

**ખજાનચી** : શ્રી દેવચંદભાઈ વી. પટેલ

**આજીવન ટ્રસ્ટી** : ડૉ. સોમાભાઈ એ. પટેલ
શ્રી રોહિતભાઈ બી. સુખડિયા
શ્રી દામોદરભાઈ એ. પટેલ

**ટ્રસ્ટી** : શ્રી પંકજભાઈ શાહ
શ્રી નૈષધભાઈ વ્યાસ
શ્રી બિપિનભાઈ શાહ

**ટ્રસ્ટના ઉદ્દેશો :**

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતનતત્ત્વ કે જેનું નામ પ્રણવઃ (ઓમ-ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય' ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**વાચકમિત્રોને :**

'ૠતમ્ભરા'ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી નૈષધભાઈ વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

---

**મુદ્રક** : ઉમા પ્રિન્ટર્સ
દરિયાપુર ચારરસ્તા, ટાવર પાસે, અમદાવાદ
**ટાઇટલ** : મોના આર્ટ પ્રિન્ટર્સ, ઓઢવ, અમદાવાદ.
ફોન : ૮૮૭૨૨૩
**મુખપૃષ્ઠ** : શ્રી કિશોરભાઈ મકવાણા

From :-
ઓમગુરુ પ્રેમસમર્પણ ધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ,
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રત્નાપાર્ક પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.

TO,

PRINTED BOOK